જેના પર હૃદયનો ખરો 'ભાવ' હોય છે, એનું કામ કરતાં આપણને ક્યારેય 'ભાર' નથી લાગતો
- ડોંગરેજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૮ | ૧૧ ડિસેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર ; માગશર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાનો ૨૪૬૩ કરોડનો સંભવિત ક્રેડિટ પ્લાન રજૂ

## જિલ્લામાં કૃષિ વિકાસની વિપુલ તકો, ચાલુ વર્ષના ક્રેડિટ પ્લાનમાં ૩૦ ટકાનો વિક્રમ વધારો સૂચવાયો : એરિયાબેઝ ડેવલપમેન્ટ પર વિરોધ ભાર મુકવામાં આવ્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા માટે આગામી નાણાંકીય વર્ષનો સંભવિત ક્રેડિટ પ્લાન ૨-. ૨૪૬૩ કરોડનો નાબાર્ડના ડી.ડી.એમ. શ્રી એમ. આર. ગોપાલે રજૂ કર્યો છે.

ગઈકાલે ગાંધીનગર જિલ્લાની બેંકર્સ કન્સલટેટીવ કમિટીની મળેલ બેઠકમાં આ ક્રેડિટ પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લાનો વર્ષ ૨૦૧૫-૧૬નો સંભવિત ક્રેડિટ પ્લાન ચાલુ વર્ષના ક્રેડિટ પ્લાનમાં ૫૬૧ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે.

સૂચિત સંભવિત ક્રેડિટ પ્લાનમાં કૃષિક્ષેત્રે સૌથી વધુ વિકાસની શક્યતાઓ દર્શાવી તેના પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. ચાલુ વર્ષે કૃષિ ક્ષેત્ર માટે ૮૦૯ કરોડના ધિરાણ પ્લાનની સામે આગામી વર્ષે રૂ. ૧૨૦૫ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. જે ૪૯ ટકા જેટલો વધારો દર્શાવે છે. કૃષિ ક્ષેત્રે ટર્મ લોનની રકમમાં પણ ૬૦ ટકાથી વધુનો વધારો સૂચવવામાં આવ્યો છે.

૨૦૧૫-૧૬નો ક્રેડિટ પ્લાનમાં એકંદરે ૩૦ ટકાનો વધારો સુચવતાં

● અનુસંધાન પાન-૭ પર

# વિજ્ઞાન પ્રવાહનું ૧૩મીએ પરિણામ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓકટોમ્બર ૨૦૧૪માં લેવામાં આવેલ ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ અને ૩ ની પરીક્ષાનુ પરીણામ આગામી ૧૩મી ડીસેમ્બરનાં રોજ જાહેર કરવામાં આવશે આ સાથે જ સેમેસ્ટર- ૧ ની પરીક્ષા આપનાર ૧.૦૨ લાખ અને સેમેસ્ટરની પરીક્ષા આપનાર ૧.૨૮ લાખ વિધાર્થીઓનાં ભવિષ્યનો નિર્ણય થશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાનાં સેમેસ્ટર-૧ અને ૩ની બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ થોડાજ દિવસોમાં બોર્ડ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી તેમજ પ્રોવિઝનલ આન્સર કીમાં ભુલ હોય તો વિધાર્થીઓ પાસેથી વિગતો મગાવાઈ હતી. જેમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થી રજૂ થયા બાદ નિષ્ણાતો પાસે તપાસ કરાવી ફાઈનલ આન્સર કી જાહેર કરાઈ હતી. જોકે તેમાં પણ કેટલીક ભુલો હોવાનું જણાઈ આવતા બોર્ડ સુધારો કરીને રિવાઈઝ ફાઈનલ આન્સર કી જાહેર કરી હતી હવે બોર્ડ દ્વારા રિવાઈઝ ફાઈનલ કીના આવા પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરનાં અઢી લાખ જેટલા વિધાર્થીઓનું પરીણામ તૈયાર કરી દેવામાં આવ્યું છે ત્યારે આ પરિણામ આગામી ૧૩ ડીસેમ્બરનાં રોજ જાહેર કરવામાં આવશે.







**સ્વચ્છતા ત્યાં પ્રભુતા** આવો આપણા શહેરને સ્વચ્છ અને સ્વસ્થ બનાવીએ.....




## નલિયામાં સતત બીજા દિવસે પારો ૧૦ ડિગ્રી રહ્યું

અમદાવાદ,તા. ૧૦

ગુજરાતભરમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં સહેજમાં વધારો હોવા છતાં તીવ્ર ઠંડીનો અનુભવ લોકો હવે સવારમાં કરવા લાગી ગયા છે. ઠંડીમાં હજુ વધારો થઈ શકે છે. ગઈકાલે લઘુત્તમ તાપમાનનો પારો આશરે ત્રણ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયા બાદ આજે ફરીવાર તાપમાન સહેજમાં ઉછાળો નોંધાયો હતો. આનો મતલબ એ થયો કે, ઠંડીમાં આંશિક ઘટાડો થયો હતો. ગુજરાતના નલિયામાં પારો આજે સતત બીજા દિવસે ૧૦ ડિગ્રી રહ્યો હતો. બીજી બાજુ રાજકોટમાં તાપમાન ૧૨.૮ ડિગ્રી નોંધાયું હતું. આજે જુદા જુદા વિસ્તારમાં લઘુત્તમ તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી હતી. ગઈકાલે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રીની સામે આજે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે પાટનગર ગાંધીનગરમાં ગઈકાલે ૧૧.૨ ડિગ્રી તાપમાનની સામે આજે લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું હતું.




